# રાજકોટ મહાનગર સેવાસદન

પશ્ચિમ ઝોન કચેરી

(બાંધકામ/વોટર વર્કસ/ડ્રેનેજ શાખા)

" શ્રી હરિસિંહજી ગોહિલ વિભાગીય કચેરી "

બીગ બજાર પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫.

વિષયઃ- તા.૨૦-૦૭-૨૦૨૬ નાં રોજ મળનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામઃ- શ્રી કૌશિકભાઇ રમણીકલાલ ટાંક    વોર્ડ નંબરઃ- ૧૭

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નંબર (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૨૬ | ૧ | ગોંડલ રોડ ચોકડી થી માધાપર ચોકડી સુધીનાં ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર ટ્રાફીકના પ્રશ્નોને ધ્યાનમાં રાખીને હાલ ડિઝાઇન ફેરફાર અને બંને તરફેના દબાણોને દૂર કરી રસ્તો પહોળો કરવા બાબતે શું આયોજન કરવામાં આવેલ છે અથવા શું કાર્યવાહી ચાલુ છે. | ગોંડલ રોડ ચોકડી થી માધાપર ચોકડી સુધીનાં ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર ટ્રાફિકનાં પ્રશ્નોને ધ્યાનમાં રાખીને સદરહું રસ્તાને રી-ડીઝાઇન કરવા માટે સરદાર વલ્લભભાઇ નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી - સુરતને સ્ટેન્ડીંગ કમિટીનાં ઠરાવથી મંજૂરી મેળવ્યા બાદ આ બાબતની કામગીરી સોંપવામાં આવેલ છે. જે અન્વયે લગત સંસ્થા દ્વારા આ માટે જરૂરી ટ્રાફિક વોલ્યુમ સર્વે, ટોપોગ્રાફી સર્વે, એકઝીસ્ટીંગ સ્ટ્રોમ વોટર પાઇપ લાઇન, હૈયાત યુટીલીટી વિગેરે કામગીરી પૂર્ણ કરી સમગ્ર આર.ઓ.ડબલ્યુ. માટે જીઓમેટ્રીક ડીઝાઇન અને ઉકત એનાલીસીસનાં રીપોર્ટ અનુસાર રી-ડીઝાઇન કરવા માટેનાં ઓપ્શન રજુ કરવામાં આવેલ છે. જેમાં રોડ વર્ક હૈયાત સ્ટ્રોમ વોટર ડ્રેઇનમાં કેચપીટમાં ફેરફાર, તમામ ઇન્ટર જંકશન સર્કલ્સમાં જરૂરી સુધારાઓ સાયકલ ટ્રેકમાં ફેરફાર, મલ્ટીફંકશનલ ઝોન, સર્વિસ રોડ, તેમજ બ્યુટીફીકેશન (ગાર્ડનીંગ, રોશનીને લગત કામ, વિગેરે)નો સમાવેશ થાય છે. અને તે અનુસારનાં વિગતવાર અંદાજપત્ર બનાવવા અંગેનું હાલ પ્રગતિ હેઠળ છે. |

શાખા - ............................................ શાખાધિકારીની સહી-    ઇચા. સીટી એન્જીનીયર (સ્પે.)

(વેસ્ટ ઝોન)

રાજકોટ મહાનગરપાલિકા

૨૬ (૨)

રા.મ.ન.પા/ આરોગ્ય /જા. નં. ૪૨૦૯

તારીખ : ૧૪ / ૦૭ /૨૦૨૬

<u>વિષય</u> : તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

<u>સભ્યશ્રીનું નામ</u> : શ્રી કૌશિકભાઈ ટાંક, વોર્ડ નં. ૧૭

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૨૬ | ૨ | રાજકોટનાં વિકાસને ધ્યાનમાં રાખીને દરેક ઝોનમાં હોસ્પિટલનું આયોજન કરવું જોઈએ. હાલ માધાપરમાં એઈમ્સ, સિટીમાં સિવિલ હોસ્પિટલ, ગુંદાવાડીમાં પદ્મકુંવરબા હોસ્પિટલ છે, પરંતુ મવડી – વાવડી, કોઠારિયા, મોરબી રોડ તરફ રહેતા લોકોને તુરંત સારવારની સુવિધા મળે તે માટે આરોગ્ય વિભાગની કાર્યવાહી કે આયોજન બાબત જાણવા માગું છું. | રાજકોટ મહાનગર પાલિકા દ્વારા પ્રાથમિક સારવાર આપતા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મવડી-વાવડી, કોઠારિયા, મોરબી રોડ જેવા તમામ વિસ્તારમાં શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર કાર્યરત છે.<br>સભ્યશ્રીનાં સુચન મુજબ આ વિસ્તારોમાં અર્બન સી.એચ.સી કાર્યરત કરવા રાજ્યનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને દરખાસ્ત કરવામાં આવશે. |

શાખા: આરોગ્ય શાખા

શાખાધિકારીની સહી:

શાખાધિકારીનું નામ: ડૉ.જયેશકુમાર એલ. વકાણી

હોદ્દો: આરોગ્ય અધિકારી

રા.મ્યુ.કો./ટી.પી./ઈ.ઓ./જા.નં. : ૬૧૪ તા.૧૫/૦૭/૨૦૨૬

<u>વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ</u>

<u>સભ્યશ્રીનું નામ</u>: શ્રી કૌશિકભાઈ રમણીકલાલ ટાંક વોર્ડ નં.૧૭

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૨૬ | ૩ | શહેરના વિકાસ અને વિસ્તારને ધ્યાનમાં રાખીને કુલ કેટલા ટી.પી.રોડ-રસ્તા ઉપર દબાણ છે જો હોય તો તે દુર કરવા બાબતે શું કાર્યવાહી કરવામાં આવે છે. | રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં સરકારશ્રી દ્વારા કુલ <u>૪૨</u> નગર રચના યોજનાને મંજૂરી આપવામાં આવેલ છે. સદરહું નગર રચના યોજનામાં સમાવિષ્ટ વિવિધ ટી.પી.રસ્તાઓ પૈકી કુલ <u>૪૦</u> રસ્તાઓ ઉપર દબાણ આવેલ છે. સદરહું દબાણો પૈકી મોટા ભાગના દબાણો નગર રચના યોજના અમલી થયા પહેલાના હોવાનું જણાય છે. અને આવા દબાણો ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૬૮ અને તે હેઠળના રૂલ નં.૩૩ મુજબ તેમજ કલમ-૪૮(અ) હેઠળ સમયાંતરે દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. |

શાખાધિકારીની સહી ....(signature)....

શાખાધિકારીનું નામ:- આર.ડી.પરમાર

શાખા :- ટાઉન પ્લાનીંગ શાખા

હોદ્દો :- ટાઉન પ્લાનીંગ ઓફિસર